# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- NDA સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી આવતીકાલે સાંજે પ્રધાનમંત્રી પદના શપથ લેશે, સાથે નવા મંત્રીમંડળના સભ્યો શપથ ગ્રહણ કરશે.
- રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ આ વર્ષમાં 104 લાંચના કેસો સહિત 25 કરોડથી વધુ અપ્રમાણસરની  મિલ્કતો પકડી પાડી.
- દ્વારકાની દરિયાઇ પટ્ટી નજીક ગઇ મોડી રાત્રે 16 કરોડથી વધુ કિંમતનો માદક  પદાર્થનો જથ્થો બિનવારસી મળી આવ્યો છે.
- દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદ પડશે તેવી હવામાન ખાતાની આગાહી
- સુરત અને ભાવનગરમાં અલગ અલગ જગ્યાએ થયેલા અકસ્માતમાં 4 વ્યક્તિના મોત, 4 ઇજાગ્રસ્ત

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SWEARING IN-WORLD LEADERS

રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના નેતા નરેન્દ્ર મોદી નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આવતીકાલે સાંજે સવા સાત વાગ્યે ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ માટેના શપથ ગ્રહણ કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ નરેન્દ્ર મોદી અને તેમની સૂચિત કેબિનેટના સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

અગાઉ, ગઈકાલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના વડપણ હેઠળ રાષ્ટ્રીય લોકતાંત્રિક દળનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા હોવાનો પત્ર સુપરત કર્યો હતો. રાષ્ટ્રીય લોકતાંત્રિક દળના ઘટક પક્ષોનો ટેકો ધરાવતા પત્ર પણ રાષ્ટ્રપતિને સુપરત કરવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, નવી દિલ્હીમાં નવી સરકારના આ શપથગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિન્દકુમાર જુગનાથ, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પકમલ દહાલ ‘પ્રચંડ’ ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોગબાય, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહમદ અફિફ અને માલદિવના રાષ્ટ્રપતિ ડૉક્ટર મોહમ્મદ મુઈઝુ ઉપસ્થિત રહેશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, આ નેતાઓ શપથવિધિ સમારોહ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા આવતીકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત ભોજન સમારોહમાં પણ હાજરી આપશે.

. . . . . . . . . . . . . . .

# Lanch rusvata byuro

રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ આ વર્ષમાં 104 લાંચના કેસો પકડી પાડ્યા છે. અપ્રમાણસરની મિલકતના 10 કેસો દાખલ કરી 25 કરોડ 4 લાખ 70 હજાર 278 રૂપિયાની મિલકતો શોધી કાઢી છે.

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ જણાવ્યું છે કે ભ્રષ્ટાચાર સામેની લડાઇમાં તેઓ દ્વારા અસરકારક પગલાં લેવામાં આવ્યા છે.

ફરિયાદીને પુરતુ રક્ષણ મળી રહે તે માટે CARE એટલે કે "અરજદારની સંભાળ રાખી અને અસરકારક જવાબ આપવો" કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત બ્યુરોના એક અધિકારી ફરિયાદીને દર મહિને રૂબરૂ મળીને ફરિયાદી બન્યા પછી કોઇ મુશ્કેલી કે હેરાનગતિ થતી હોય તો તેનું નિવારણ કરે છે.

આરોપીઓને સજા થાય તે માટે સજાનો દર વધે તે માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ આરોપીને વધુમાં વધુ સજા થાય તે માટે કાર્ય કરે છે.

અપ્રમાણસર મિલકતોના કેસમાં સઘન તપાસ થાય તે માટે જુદા જુદા વિષયના નિષ્ણાતોની સેવાઓ લેવામાં આવે છે. આ અભિયાનમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે રાજ્યકક્ષાએ જાગરૂકતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

..................................

# DWARKA – DRUGS

દ્વારકાની દરિયાઇ પટ્ટી નજીક ગઇ મોડી રાત્રે 16 કરોડથી વધુ કિંમતનો માદક પદાર્થનો જથ્થો બિનવારસી મળી આવ્યો છે.

દ્વારકાની SOG, ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે દ્વારકાના વરવાળા ઝવેરનગર વિસ્તાર નજીકના દરિયાકિનારેથી 30 જેટલા પેકેટનો માદક પદાર્થનો જથ્થો બિનવારસી પકડી પાડ્યો હતો.

અમારા દ્વારકાના પ્રતિનિધિ કરણ જોશી જણાવે છે કે આશરે 32 કિલો જેટલો માદક પદાર્થનો જથ્થો પકડાતા દ્વારકાના દરિયાઇ પટ્ટીમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

----------------------------

## AMBAJI DHAJA

અંબાજી મંદિર ટ્રસ્ટે નિર્ણય કર્યો છે કે કોઇ પણ કુરિયરના ચાર્જ વગર માતાજીની ધજા શ્રદ્ધાળુઓને ઘેર બેઠા પહોંચાડવામાં આવશે. આ અંગે અંબાજી મંદિરના ટેમ્પલ ઇન્સ્પેક્ટરના મોબાઇ નંબર 9726086882 પર સંપર્ક કરવો.

બનાસકાંઠા જિલ્લાના અધિક કલેક્ટર અનં મંદિર ટ્રસ્ટના વહીવટદાર કૌશિક મોદીએ આ અંગે વધુ માહિતી આપી.

(બાઇટ- કૌશિક મોદી)

..........

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## એક અગત્યની જાહેરાત

NDA સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદી આવતીકાલે 9મી જૂને સાંજે સવા સાત વાગ્યે પ્રધાનમંત્રી પદના શપથ લેશે. સાથે નવા મંત્રીમંડળના સભ્યો પણ શપથગ્રહણ કરશે. જેથી આવતીકાલે સાંજના પ્રાદેશિક સમાચારમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 ને બદલે  સાંજે સાડા છ વાગે પ્રસારિત કરવામાં આવશે.

-------

## VADODARA YOG SHIBIR

વિશ્વભરમાં 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે વડોદરા એમ.એસ.યુનિવર્સિટી રમત સંકુલ ખાતે આજે ગુજરાત રાજ્ય બોર્ડના અધ્યક્ષ શીશપાલજીના અધ્યક્ષસ્થાને યોગ શિબિર યોજાઇ હતી.

તેમણે જણાવ્યું કે સમગ્ર ગુજરાતના લોકો નિરોગી રહે, સ્વસ્થ રહે તે હેતુથી આ યોગ શિબિર યોજાઇ રહી છે.

યોગ દિવસની ઉજવણી અંતર્ગત “100 Days to go ” ની થીમ સાથે વડોદરામાં 400થી વધુ જગ્યાએ યોગનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ યોગ શિબિરમાં બે હજાર જેટલા યોગ સાધકો, અને યોગ શિક્ષકો જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .

## LOK ADALAT

રાજ્યભરમાં 22મી જૂને રાષ્ટ્રીય લોક અદાલત યોજાવાની છે. ત્યારે દ્વારકા જિલ્લામાં પણ સુપ્રીમ કોર્ટ તેમજ હાઇકોર્ટના માર્ગદર્શનથી લોકઅદાલત યોજશે.

એક અંદાજે દ્વારકા , કલ્યાણપુર, ભાણવડ અને ખંભાળીયાના કેસો મળીને લગભગ બે હજાર જેટલા કેસ લોક અદાલતમાં મુકવામાં આવશે. જેમાં ઇ-ચલણ, બેન્ક લીટીગેશન તથા પ્રિ-લીટીગેશન સહિતના કેસનો સમાવેશ કરવામાં આવશે

-----------------

## STATE RAIN

રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આજે દક્ષિણ

ગુજરાતમાં મેઘરાજાનું આગમન થઈ ગયું છે. વહેલી સવારથી છોટાઉદેપુર અને ઓલપાડમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના રાઠ વિસ્તારમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. મધ્યપ્રદેશના ઉપરવાસમાં ભારે વરસાદ વરસતા ઓરસંગ નદીમાં નવા નીરનું આગમન થયું છે. દક્ષિણ ગુજરાતમાં 7થી 11 જૂન સુધી વરસાદની સંભાવના છે. તે મુજબ આજે ક્વાંટ તાલુકાના રેણદી ગામની તાપણ નદીમાં નવા નીર આવ્યા છે.

આજે સવારે સુરતના માંગરોળમાં સૌથી વધુ એક ઈંચ વરસાદ નોંધાયો. જ્યારે ડાંગના સુબિર તાલુકામાં પોણા એક ઈંચ, વઘઈમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે સુરત, નવસારી, તાપી, સુરત સહિતના જિલ્લાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો.

-----

## ACCIDENT

સુરત અને ભાવનગરમાં અલગ અલગ જગ્યાએ અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિના મોત નીપજ્યા છે.

સુરતના વરાછા વિસ્તારમાં આજે વહેલી સવારે કારચાલકે રસ્તા પર ઉભા રહેલા વાહનચાલકોને અડફેટે લેતા ત્રણ વ્યક્તિઓના મોત નીપજ્યા છે. ચાર લોકો ઇજાગ્રસ્ત થયા છે.

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે આજે વહેલી સવારે પૂરપાટ ઝડપે ચલાવી રહેલા કારચાલકે કાબુ ગુમાવતા રોડ ઉપર બાઇક પર બેઠેલા લોકોને ટક્કર મારી હતી. જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે ચાર લોકો ઇજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે શેત્રુંજી ડેમમાં ન્હાવા પડેલા સગીર સહિત બે વ્યક્તિ ડુબી ગયા હતા. લાંબી શોધખોળ બાદ સગીરનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે અન્ય એક વ્યક્તિની શોધખોળ ચાલુ છે.

................................

## RAJKOT FIRE SAFETY CHAKASNI

રાજકોટ મહાનગરપાલિકાએ ફાયર NOC અને બી.યુ.સર્ટિફિકેટ બાબતે કુલ એક હજાર 136 એકમોની ચકાસણી કરી હતી. જેમાં 444 એકમોને સીલ કરવામાં આવ્યા છે.

અમારા રાજકોટના પ્રતિનિધિ જણાવે છે કે રાજકોટ ગેમિંગ ઝોનમાં આગ લાગવાની ઘટના બાદ મહાનગરપાલિકા દ્વારા સઘન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં રાજકોટ શહેરમાં આવેલ હોસ્પિટલ, ટ્યુશન ક્લાસીસ, મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ હોલ, સિનેમા હોલ, વોટર પાર્ક તથા અન્ય જાહેર સ્થળો કે જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતાં હોય ત્યાં ફાયર સેફ્ટીની ચકાસણી કરવામાં આવી હતી.

----------------

## NARMADA BANDH

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધની સપાટી અને આવકમાં વધારો થયો છે. રાજ્યને તેના હિસ્સાનું પાણી આપવા માટે મધ્યપ્રદેશના ઉપરવાસના ડેમમાંથી પાવર હાઉસ શરૂ કરાતા નર્મદા બંધની સપાટી અને પાણીની આવકમાં વધારો થયો છે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે હાલ સરદાર સરોવર નર્મદા બંધની સપાટી 123.98 મીટરો પહોંચી છે. બંધની પાણીની આવક 94 હજાર 905 ક્યુસેક છે. જ્યારે જાવક 20 હજાર 520 ક્યુસેક છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા બંધની મહત્તમ સપાટી 138.68 મીટર છે.

------------

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- વેરાવળ દરિયા કિનારે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય તેમજ વેરાવળ ફિશરીઝ કોલેજના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ગઢડા નગરપાલિકા દ્વારા ધાર્મિક સ્થળો, બસ, રીક્ષા સ્ટેન્ડ, સરકારી વસાહતો, પ્રતિમાઓ, મેદાન, પ્લોટ, સરકાર દવાખાના સહિતના જાહેર સ્થળોએ સફાઇ કામગીરી  કરવામાં આવી.
- કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીની નરોલી પંચાયતની આંગણવાડીમાં બહેનો માટે પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઇ.

- મહેસાણા જિલ્લાના લોકોની ફરિયાદના નિવારણ માટે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ 27મી જૂને યોજાશે.
- દીવ ખાતે ત્રણ ગ્રામ પંચાયતો દ્વારા ગોમતી બીચની સફાઇ કરી વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી કરવામાં આવી.
- કલોલ ખાતે જિલ્લા કલેક્ટર મેહુલ દવેના અધ્યક્ષસ્થાને સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત અંતર્ગત ઝીરો વેસ્ટ વિષય ઉપર વર્કશોપ યોજાયો.
-

----------